સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી માટે
ગ્રામ પંચાયતો વચ્ચે સ્પર્ધા તથા
ગ્રાન્ટ ફાળવણીના ધોરણોમાં સુધારો
કરવા બાબત

## ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરબીએન/૧૦૨૦૧૬/૧૨૬૭/લ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૩ / ૧૦ / ૨૦૧૮

વંચાણે લીધા:

(૧) પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૦૩/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક- આરબીએન/૧૦૨૦૧૬/૧૨૬૭/લ

(૨) પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૦૬/૦૫/૨૦૧૭નો સુધારા ઠરાવ ક્રમાંક- આરબીએન/૧૦૨૦૧૬/૧૨૬૭/લ

(૩) પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૨૭/૦૪/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંક- આરબીએન/૧૦૨૦૧૬/૧૨૬૭/લ

પ્રસ્તાવના -

ગ્રામીણ વિકાસની વિવિધ સામૂહિક અને કલ્યાણકારી યોજનાઓના અમલ દ્વારા ગુજરાત રાજ્ય "સ્વરાજ્યથી સુરાજ્ય" તરફ પ્રયાણ કરી રહ્યુ છે. ત્યારે ગ્રામ પંચાયતો આયોજનપૂર્વક વ્યવસ્થિત રીતે સ્વશાસન દ્વારા વધુ વ્યકિતગત વિકાસ તથા સામુહિક વિકાસના કાર્યક્રમોથી પોતાની ફરજો અને જવાબદારીઓ અદા કરે અને પોતાની આકાંક્ષાઓ મુજબ સામાજિક, માનવ, આર્થિક અને વ્યકિતલક્ષી અને સામુહિક વિકાસ કરવા સુયોજીત આયોજન કરી ચોક્કસ લક્ષ અને દીર્ઘદ્રષ્ટીથી કાર્ય કરે અને ગ્રામ્ય નાગરિકોની સુવિધામાં વધારો કરવા કટીબદ્ધ બને તે માટે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ કરવા અને અંતતઃ ગામડાઓ સમૃદ્ધ અને સ્માર્ટ થાય, ગામડાઓથી શહેર તરફનું પ્રયાણ અટકે અને શહેરોમાંથી ગ્રામ તરફનું પ્રયાણ શક્ય બને કે જેથી બંને પક્ષે આદાનપ્રદાન ઉભું થાય અને ગ્રામ્ય વિસ્તારોનો પણ સુદ્રઢ વિકાસ બને તથા ગ્રામ્ય નાગરિકોને પણ મૂળભૂત માળખાકીય સુવિધા મળે તેવાં કલ્યાણકારી હેતુઓથી ગ્રામ પંચાયતોના સ્તરમાં ઉધારો લાવવા માટે સ્માર્ટ વિલેજ સ્પર્ધા અને આ સબંધે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવણી કરવાની સ્માર્ટ વિલેજ યોજના રાજય સરકાર ધ્વારા અમલમાં મૂકવામાં આવેલ.

ઉપરોકત વંચાણે લીધેલ તા.૩/૫/૨૦૧૬ ના મૂળ ઠરાવમાં પેરા ક્રમાંક- ૪.૨ હેઠળ બનાવવામાં આવેલ રાજયસ્તરની પસંદગી સમીતીની ત્રીજી બેઠક તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ હતી. આ બેઠકમાં માન.મુખ્યમંત્રીશ્રી ધ્વારા પ્રસ્તુત યોજનાને વધારે અસરકારક અને સુદૃઢ બનાવવા માટે ફરજીયાત લક્ષ્યાંકોમાં સુધારાઓ સૂચવેલાં હતાં. તેમજ, માન.મુખ્ય સચિવશ્રીની સૂચના મુજબ વિકાસ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં ચર્ચા વિચારણા કરવા માટે બેઠકનું આયોજન કરીને ફરજીયાત લક્ષ્યાંકોમાં જરૂરી સુધારાઓ કરવા અને સારી સુવિધાઓ નક્કી કરવા માટે ૫ થી ૬ જિલ્લા વિકાસ અધિકારીઓ પાસેથી પણ સૂચનો મેળવવામાં આવ્યા છે. તદઅન્વયે માન.મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા. ૦૭/૦૮/૨૦૧૮ના રોજ પરામર્શ બેઠક કરવામાં આવેલ. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ સૂચનો માન.મુખ્ય સચિવશ્રીને ધ્યાને મુકવામાં આવેલ. બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા મુજબ સ્માર્ટ વિલેજ યોજનામાં ફરજીયાત લક્ષ્યાંકોમાં સુધારાઓ / ફેરફારો કરવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ-

પુખ્ત વિચારણાના અંતે સ્માર્ટ વિલેજ યોજનાના તા.૦૩/૦૫/૨૦૧૬ના મૂળ ઠરાવ તેમજ આ ઠરાવના આનુષાંગિક કરેલ તા. ૦૬/૦૨/૨૦૧૭ અને તા. તા. ૨૭/૦૪/૨૦૧૮ના સુધારા ઠરાવોથી પસંદગી ધોરણે અને પસંદગી માટે વખતોવખત સુધારા કરવામાં આવેલ તે ધોરણોમાં ફેરફાર કરીને હવે, સ્માર્ટ વિલેજ તરીકે નીચે જણાવેલ ૧૯ ફરજીયાંત લક્ષ્યાંકો હાંસલ કરે તેવી ગ્રામ પંચાયતોને "સ્માર્ટ વિલેજ" તરીકે જાહેર કરવા આથી ઠરાવવામાં આવે છે.

## સ્માર્ટ વિલેજ બનાવવાના ફરજીયાત લક્ષ્યાંક :-

(૧)૧૦૦ ટકા રસીકરણ

(૨) ગામનું કોઇ બાળક કુપોષિત(Red Zone)માં ન હોવું જોઇએ.

(૩)૧૦૦ ટકા જન્મ/મરણ નોંધણી

(૪)૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિ

(૫)સગર્ભા માતાઓને ૧૦૦ ટકા રસીકરણ

(૬)ધોરણ – ૮ સુધી ૧૦૦ ટકા નોંધણી(એનરોલમેન્ટ) , જેમાં ગત વર્ષમાં ધોરણ – ૭ ના કુલ એનરોલમેન્ટ બાળકો પૈકી ચાલુ વર્ષે ધોરણ-૮માં થયેલ કુલ વિધાર્થીઓનું . એનરોલમેન્ટ ચકાસવું અને બાકી રહેલાનું એનરોલમેન્ટ પૂર્ણ કરાવવું .

(૭)ઓપન ડેફીકેશન ફ્રી વિલેજ

(૮) મીશન વિદ્યામાં ૭૫ ટકાથી વધારે પરિણામ

(૯)આંગણવાડીમાં ૧૦૦ ટકા બાળકોની ભરતી

(૧૦)ફરજીયાત ડોર ટુ ડોર કલેકશન

(૧૧) ગામતળના દરેક ઘરે ૧૦૦ ટકા નળ કનેકશન (ટ્રાયબલ વિસ્તારનું ગામ હોય તો સ્થાનિક રહેઠાણ /વસવાટ પ્રમાણે નળ કનેકશન/પીવાના પાણીની સુવિધા માટેનું આયોજન કરવું

(૧૨) ૭૫ ટકા વેરા વસુલાત

(૧૩) ઇ-ગ્રામ સેન્ટર કાર્યરત કરવું, જેમાં ત્રણ માસમાં ૯૫ ટકા લોગીન થવું જોઇએ તેમજ ૫૦ ટકા દિવસોમાં ઇ-ગ્રામ સેન્ટરમાં સેવાઓ અપાયેલ હોવી જોઇએ.

(૧૪)વર્ષમાં ફરજીયાત ત્રણ વખત ગ્રામ સભા કરવી અને આ નિયત ત્રણ માસમાં ૧(એક) ગ્રામ સભા કરવી.જેમાં કુલ મતદારોના ૨૫ ટકા અથવા ૧૦૦૦ જે ઓછું હોય તેટલા મતદારો હાજર રહેવાં જોઇએ.

(૧૫)ગામના તમામ પુખ્ત વ્યક્તિઓના જનધન યોજનામાં ખાતા ખોલાવવાં અને તે તમામ જનધન ખાતાઓનો ઉપયોગ કરાવવો.

(૧૬)ગ્રામ પંચાયતનું રેકર્ડ અધ્યતન કરાવવું.

(૧૭)ગામના મુખ્ય રસ્તાઓ અને તળાવની પાળો ઉપર વૃક્ષારોપણ કરાવવું.

(૧૮)ગામના તમામ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ યોજનામાં આવરી લેવાં.

(૧૯)ગામના જાહેર સ્થળે હયાત લાઇટની (સ્ટ્રીટ લાઇટ)ની જગ્યાએ LED(એલ.ઇ.ડી. ) લાઇટની વ્યવસ્થા કરાવવી.

ઉપરોકત જણાવેલ ફરજીયાત લક્ષ્યાંકો ગ્રામ પંચાયતોએ આ ઠરાવ પ્રસિદ્ધ થયાના ત્રણ માસમાં અગ્રતાના ધોરણે પુર્ણ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જિલ્લા વિકાસ અધિકારીએ તેનાં જિલ્લામાં આવેલી તમામ ગ્રામ પંચાયતોએ હાંસલ કરેલ ફરજીયાત લક્ષ્યાંકોની કાર્યવાહીનું મૂલ્યાંકનની તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસે કરાવવાનું રહેશે. જે માટે કાર્યપધ્ધતિ , મૂલ્યાંકનના ચકાસણીના ધોરણો તેમજ તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ હવે પછી જાહેર કરવામાં આવશે. તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા મળેલ આવી દરખાસ્તોની ચકાસણી જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા સ્તરની પસંદગી સમિતિ(તજજ્ઞ સમિતિ)ને સમક્ષ રજૂ કરવાની રહેશે. જિલ્લા સ્તરની પસંદગી સમિતિ(તજજ્ઞ સમિતિ)માં આખરી થયેલ દરખાસ્તોને વિકાસ કમિશ્નરશ્રી મારફતે રાજય સ્તરની પસંદગી સમિતિમાં મંજૂરી માટે રજૂ કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાંવિભાગની તા.૨૮/૦૮/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
નાયબ સચિવ(ગૃ.નિ.)
પંચાયત, ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્રસચિવશ્રી / સચિવશ્રી, તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નર વ. સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હીસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સારુ
- સિલેક્ટ ફાઇલ.